# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

ઉદ્યોગપતિઓ તો ‘ફંડ’ જેક આપે છે,
પ્હોંચેલા સદા સલામતિની કેક કાપે છે!
શેક આવે છે સદા નિષ્ઠાવાન નબળાને -
ચૂંટણી ‘શતરંજે’ બળુકા ‘ચેક’ આપે છે.
(બળિયા આપે છે ખો -)

## હાઈકુ

દાંભિક ટેકે
‘મમતા’ બતાવીને -
રડાવે અન્ના..
(કાચંડા ની કરામત)

રાખે સતત
રેલીઓ ભર્યા વિના -
‘આપ’ ને ન્યૂઝે..
(કેજરીની કરામત)

## ચિંતન

*ભક્તિર્જ્ઞાનં તથા મુક્તિરિતિ સાધારણઃ ક્રમઃ । ભક્તિર્જનન્ની જ્ઞાનસ્ય ભક્તિઃ મોક્ષપ્રદાયિની ।*
*ભક્તિહીનેન યત્કિંચિત્ કૃતં સર્વ અસત્સમમ્ ॥*

અધ્યાત્મ રામાયણના યુદ્ધકાંડના સાતમા અધ્યાયનો સડસઠમો આ શ્લોક ‘ભક્તિ’નું મહત્ત્વ દર્શાવે છે : ‘ભક્તિ-જ્ઞાન અને મુક્તિ એ તદ્દન સાધારણ ક્રમ છે. ભક્તિ જ જ્ઞાનની જનની છે અને જ્ઞાન દ્વારા મોક્ષ પ્રાપ્ત થાય છે અર્થાત્ ભક્તિ જ મોક્ષ દાયિની છે. ભક્તિ-શ્રદ્ધા વિના કરેલું બધું જ કાર્ય ધર્મકાર્ય અસત્’ જેવું છે.’

તુલસીદાસજી એ આજ વાત ‘રામચરિત માનસ’ માં અરણ્યકાંડના ચોપાઇ ૧૫/૨ માં કહી છે :
સો સુતંત્ર અવલંબ ન આના, તેહિ આધીન ગ્યાન બિગ્યાના ।
ભગતિ તાત અનુપમ સુખમૂલા મિલઇ જો સંત હોઇ અનુકુલા ॥

અર્થાત - ભક્તિ કરવી સ્વતંત્ર છે તેમાં જ્ઞાનાદિની કોઇ જરૂર નથી કે એવાં કોઇ સાધનની પણ જરૂર પડતી નથી. જ્ઞાન અને વિજ્ઞાનતો ભક્તિને જ આધીન છે. પરંતુ સદ્‌ગુરૂ, અનુકૂળ-અનુકંપાવાળા કોઇ વિરલ અનુપમ સંતની કૃપા થાય તો જ અનુપમ સુખના મૂળરૂપ ભક્તિ પ્રાપ્ત થાય છે.

## સુવિચાર

- મિષ્ઠાનોમાં સર્વોત્તમ છે, મહેનતની રોટીની સુગંધ, જેમનો પરસેવો મહેકે છે, એમને શું અત્તરબત્તર - **ખલીલ ધનતેજવી**
- જીંદગીમાં કોઇ એવું કામ કરો કે લોકો તમારૂં નામ ‘ફેસબુક’ પર નહીં, ગુગલ ઉપર સર્ચ કરે - **એસ.એમ.એસ.**
- આપણે જે જાણીએ છીએ તેજ આપણને જણાવે ને છતાં, છતાં આપણે આશ્ચર્યચકિત થઇ જઇએ તેજ સાચો લેખક - **એસ. ભટ્ટાચાર્ય**
- નજર કો બદલો, નઝારે બદલ જાયેંગે, સોચ કો બદલો, સિતારે બદલ જાયેંગે, કશ્તીઓ કો બદલને કી જરૂરત નહીં, દિશા કો બદલો, કિનારે બદલ જાયેંગે - **જનકલ્યાણ**
- બીજાની સેવા કરવામાં ખરેખર તો આપણે પૃથ્વી પર રહેવાનું ભાડું ચૂકવીએ છીએ - **ધર્મસૂત્ર**
- છીછરા માણસો પોતાનું અપમાન તો સહન કરી શકશે, પણ બીજાનું સન્માન તેમના માટે અસહ્ય બનશે - **ડોંગરેજી**
- 'BEAUTY' નું આભુષણ લજ્જા છે, 'DUTY' નું આભુષણ પરાક્રમ છે - **રોહિત શાહ**

*(સંકલન : દીપક વી.આસરા)*

## બોધ કથા

આપણા નેતાઓ, પ્રધાનપદું પ્રાપ્ત કરી યાત્રાધામો-વિદેશપ્રવાસોની વેતરણમાં જ હોય, એટલું જ નહીં સરકારી ખર્ચે-પરિવાર સહિત ફરે, ઓપરેશનો પણ વિદેશ જઇ કરાવી આવે જેટલો ‘લાભ’ સરકારને આપી શકાય એ બધો જ આપે!

કોસ્ટોરિકાના કર્તવ્યનિષ્ઠ રાષ્ટ્રપ્રમુખે લશ્કરનું વિસર્જન કર્યું. ફાંસીની સજા રદ્દ કરી ભલે નાનો દેશ છતાં વિશાળ પગલાં... રાષ્ટ્ર પ્રમુખ હોવા છતાં સરકારી ગાડી માત્ર ‘કચેરી’ જવા માટે જ વાપરતાં... આ રાષ્ટ્ર પ્રમુખ અમદાવાદની ગુજરાત વિદ્યાપીઠમાં એક સેમિનાર-વર્કશોપમાં આવ્યા. જો એ રાષ્ટ્રપ્રમુખ તરીકે જ આવ્યા હોત તો એમને દિલ્હીમાં એકવીસ તોપોની સલામી મળત અને અહીં સર્કીટ હાઉસમાં ખૂબ જ અગત્યના મહેમાનની સરભરા પણ... મળી હોત...

પણ એક સામાન્ય વિદેશી નાગરિક તરીકે સૌની સાથે તદ્દન સામાન્ય સભ્યની જેમ સાદગી પૂર્વક જ રહ્યા - આ હતી એમની મહાનતા...

રાષ્ટ્રપ્રમુખનું પદ છોડ્યા પછી યુનોમાં ‘યુનિવર્સિટી ઓફ પીસ’ના વાઇસ ચાન્સેલર પણ થયા હતા.

Email - sureshchandrabhatt18@gmail.com

# ગાંધીનગર સાહિત્યસભાના ઉપક્રમે દર વર્ષે યોજવામાં આવતી વ્યાખ્યામાળાઓ અંતર્ગત સંત પ.પૂ. પ્રાગજીબાપા ગોદડિયા સ્મૃતિ વ્યાખ્યાનમાળા તા. ૧૬-૩-૧૪ રવિવારના રોજ સાંજે ૪.૦૦ કલાકે બ્રહ્મભવન સેકટર-૧૬, વિદ્યા લાયબ્રેરીની બાજુમાં ગાંધીનગર ખાતે યોજવામાં આવેલ છે

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ
## શબ્દ સેતુ

*સંપાદકો : નટવર હેડાઉ/મૂળજીભાઇ પરમાર ‘દધિ’*

***સમાચાર સેતુ***

● ગાંધીનગર સાહિત્યસભાના વર્ષ ૨૦૧૪-૧૭ના હોદ્દેદારોના વરણી કરવા માટે તા.૯-૩-૧૪ના રોજ સાંજે ૫-૦૦ કલાકે નમન એપાર્ટમેન્ટ સામે મહારાષ્ટ્ર ખાતે વાર્ષિક સામાન્ય સભા યોજાઇ હતી. જેમાં મોટી સંખ્યામાં સાહિત્યકારો તેમજ ભાવક સૌ સભ્યોએ ખુબ રસપૂર્વક ભાગ લીધો હતો. સૌ પ્રથમ સાહિત્ય સભાના પ્રમુખ દોલત ભટ્ટે સૌને આવકાર્યા હતા. અને પરંપરા મુજબ કારોબારી સભ્યોની વરણી થાય તે માટે સર્વાનુમતે વિચારણા કરવાનો પ્રસ્તાવ મુક્યો હતો. તેમની આ વાતને અનુમોહન આપતાં સભ્યો તરફથી કારોબારીમાં રહેવા માટે ઇચ્છા પ્રદર્શીત કરતાં કુલ - ૧૯ ફોર્મ ભરાયા હતા. તેમાંથી ચાર સભ્યોએ ફોર્મ પરત ખેંચતા ૧૫ સભ્યોની કારોબારી સમિતિની સર્વાનુમતે વરણી થઇ હતી. જેમાં (૧) ભરત કવિ ‘ઉર્મિલ’ (૨) નટવર હેજાઉ (૩) મૂળજીભાઇ પરમાર (૪) સુરેશ ભટ્ટ (૫) હરેશ ભટ્ટ (૬) રમણલાલ શ્રીમાળી (૭) બાબુલાલ વણઝારા (૯) જીતેન્દ્ર ભટ્ટ (૯) કલ્પનાબેન વ્યાસ (૧૦) સંજય થોરાત (૧૧) મહેન્દ્રભાઇ રાઠોડ (૧૨) ચંદ્રકાન્ત ધનેશ્વર (૧૩) બાબુદાન ગઢવી (૧૪) મૂળજીભાઇ મકવાણા (૧૫) મૌલિક બોરીજા.

કારોબારી સભ્યોની વરણીની આ પ્રક્રિયાને ચુંટણી અધિકારી તરીકે સેવા આપનાર અમૃતભાઇ મોઢે સુંદર રીતે પાર પાડી હતી અને ઉપર મુજબના સભ્યોની કારોબારી સમિતિની જાહેરાત કરી હતી. આ પ્રસંગે જાણીતા કવિ હરિકૃષ્ણ પાઠક, કોલમ લેખખ મનોજ શુક્લ, કનૈયાલાલ ભટ્ટ, કે.બી. ત્રિવેદી, મનીષા બહેન, સુમંત શાહ, જેવા અનેક વરિષ્ઠ સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા.

કારોબારીની વરણી થઇ જતાં સાહિત્યસભાના મંત્રી નટવર હેડાઉ એ સૌને આભાર માન્યો હતો, મૂળજીભાઇ પરમાર, ભરત કવિ સંજય થોરાતે આ કામગીરીમાં ખુબ જ જહેમત ઉઠાવી હતી.

● ગાંધીનગર સાહિત્યસભાના ઉપક્રમે દર વર્ષે યોજવામાં આવતી વ્યાખ્યામાળાઓ અંતર્ગત સંત પ.પૂ. પ્રાગજીબાપા ગોદડિયા સ્મૃતિ વ્યાખ્યાનમાળા તા. ૧૬-૩-૧૪ રવિવારના રોજ સાંજે ૪.૦૦ કલાકે બ્રહ્મભવન સેકટર-૧૬, વિદ્યા લાયબ્રેરીની બાજુમાં ગાંધીનગર ખાતે યોજવામાં આવેલ છે. જેમાં સાહિત્ય મર્મરી પુરૂષોત્તમ રૂપાલા ‘લોક સાહિત્યમાં સંતપરંપરા’ અંગે વ્યાખ્યાન આપશે. જેમાં ઉપસ્થિત રહેવા સાહિત્ય સભાના સૌ સભ્યશ્રીઓને જણાવાયું છે.

● માતૃભાષા અભિયાન દ્વારા વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં નાટ્યલેખન સ્પર્ધા, બાળ સાહિત્ય સ્પર્ધા, કિશોર-સાહિત્ય સ્પર્ધામાં કૃતિઓ મોકલવા માટેની છેલ્લી તારીખ ૨, જૂન ૨૦૧૪ સુધીમાં માતૃભાષા અભિયાન સમુદાય શિક્ષણ ભવન, નવજીવન પ્રેસ સામે, ગુજરાત વિદ્યાપીઠ પાસે આશ્રમ રોડ, અમદાવાદ-૧૦ ખાતે મોકલવા જણાવ્યું છે.

● ગુજરાત વિશ્વકોષ ટ્રસ્ટ દ્વારા વિશ્વ નાટ્યકોષ શ્રેષી તૈયાર થઇ રહી છે. તેમાં ગુજરાતી નાટકો, નાટ્ય લેખકો, (ભાષાંતરકારો અને રૂપાંતરકારો) રંગમંચના વિવિધ પાસાંઓમાં કામ કરી ચૂકેલાં રંગકર્મીઓ, નાટ્ય સંસ્થાઓ, તેમજ નાટકને લગતાં સામયિકો, નાટ્ય વિવેચનનાં પુસ્તકો વિશેની સંપૂર્ણ વિગતો ગુજરાત વિશ્વકોષ ટ્રસ્ટ, રમેશ પાર્કની બાજુમાં, ઉસ્માનપુરા, અમદાવાદના સરનામે મોકલવા જણાવાયું છે.

● હાઇકુ અને તાન્કા પ્રકારની કાવ્ય રચનાઓનું એક સંપાદન થવાનું છે જે માટે કવિઓએ પોતાની વધુમાં વધુ પાંચ રચનાઓ ઇશ્વર પટેલ ૫૦, દિવાળી બાગ સોસાયટી, ઋષભ ટાવર સામે, રાંદેર રોડ, સુરત-૯ ને મોકલવા જણાવાયું છે.

● તાજેતરમાં મહેસાણા મુકામે સાર્વજનિક વિદ્યા સંકુલમાં ગુજરાતી અકાદમી અને અસાઇત સાહિત્ય સભાના ઉપક્રમે ગુજરાતી સાહિત્યના મૂર્ધન્ય કવિ અને નાટ્યકાર ચિનુ મોદીનાં સર્જન વિષે બે દિવસનો રાષ્ટ્રીય પરિસંવાદ યોજાઇ ગયો. જેમાં સર્વશ્રી ચંદ્રકાન્ત ટોપીવાળા, હર્ષદ ત્રિવેદી, ભગીરથ બ્રહ્મભટ્ટ, ઉપેન્દ્ર ત્રિવેદી, મહેશ ચંપકલાલ, રોહિત પંચોલી, રમેશ ર. દવે, નવનીત જાની, પ્રકાશ પંડ્યા, મણીલાલ હ. પટેલ, રાજેન્દ્ર મહેતા, કનૈયાલાલ બારોટ, મનીષા દવે અને વિનાયક રાવલે વક્તવ્યો રજૂ કર્યા હતા.

● દર્શન શતાબ્દી મહોત્સવ નિમિત્તે દર્શન ફાઉન્ડેશન દ્વારા તાજેતરમાં ગુજરાતી સાહિત્ય પરિષદમાં ‘ગ્રંથ વિમર્સ’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તાજેતરમાં પ્રકાશિત ત્રણ નોંધપાત્ર પુસ્તકોનો હસમુખ શાહ કૃત ‘દીઠું મેં’ વિશે કિરીટ દૂધાત, શૈલજા પરીખ કૃત ‘એકલો જાને રે...’ વિશે હેમંત દવે અને નારાયણ દેસાઇ કૃત ‘જિગરના ચીરા’ વિષે મિનાક્ષી જોષીએ આસ્વાદલક્ષી વક્તવ્યો આપ્યાં હતા.

***કાવ્યસેતુ : દીવડા***

સત્યના સૂર્યે સોંપ્યો છે
અમ દીવડાઓને
અંધકારમાં પ્રકાશનો ભાર.
મે આવે ગમે તેટલાં વાવાઝોડાં
તોય હોલાવાના નથી.
અમને તમારા
પરમ કૃપાળુ પરમાત્મા કે
નીતિધર્મ સામે કોઇ વેર-વિરોધ નથી.
અમને વેર છે
ઇશ્વરના એજન્ટો સામે, પ.પૂ.ધ.ધુ. સામે,
બાવાઓ સામે, ગુરૂઓ સામે, તાંત્રિકો સામે,
ધર્મના નામે ઠગતા ઠગો ધુતારાઓ સામે,
ધતીંગો સામે, ભુવાઓ સામે, ભૂતપ્રેત સામે,
અમને વિરોધ છે
ક્રિયાકાંડો સામે, યજ્ઞો સામે, અંધશ્રદ્ધા સામે
અમને વિરોધ છે
યુદ્ધો સામે, નાત-જાતના વાડા સામે,
છૂતાછૂત સામે
અમને વિરોધ છે
ધર્મની કત્લેઆમો સામે,
ભૂખમરા અને દરિદ્રતા સામે
અમારે વાવવાં છે વિશ્વમાં
શાંતિ અને સમાનતાનાં વૃક્ષ
અમારે રચવું છે આનંદલોક
આજ સુંદર ધરા પર.
જયાં હોય સર્વમુખી સમાનને બૌધિક.
આ અંધકાર દૂર થશે જ
સત્યના સૂર્યે ઉગવાનું આપ્યું છે વચન
તેનો ઉદય ન થાય
ત્યાં લગી
અમે દીવડાઓ ઝગતા જ રહીશું
હજ્જારોની સંખ્યામાં
કદી ઓલવાઇશું નહિ.

- **પ્રવીણ ગઢવી**

# આવો તે મારા છોકરાને રંગાતો હશે, ના... ના... એમના બાપાઓ અહિં નવરાવવા આવવાના હતા તે આટલો બધો રંગી નાખ્યો

## ધૂળેટી (હળવે હૈયે)

*- ભગદેવ ભટ્ટ ‘હાસ્યાયન’*

“કહું છું તમે આપણા ભનકાને બોલાવાયો.”

“એ... હાં આ ગ્યો ને આવ્યો સમજ”

“પણ પાછા ધોયેલા મૂળાની જેમ નો આવતા.”

“સારૂં” કહી આપણા રામ તો ઉપડ્યા મારા ભનકાને ગોતવા. ધૂળેતી હોઇ સવારથી નીકળી ગયો છે રંગવા - રંગાવા. બપોર થ્યા તોય ઘરમાં આવ્યો નહીં એટલે પછી બોલાવવા નીકળવું જ પડે. એમાંય પાછો ઘણીયાણીનો હુકમ... હજુય કર્ફયુ ભંગ થઇ શકે પણ આ હુકમનો ભંગ...! બ્રહ્માદિ દેવોય ત્યાં પાછા પડે! એટલે માંડી વાળોને એવું વિચારવાનું જ.



થોડે દૂર ગયો ત્યાં ૧૦-૧૨ છોકરાવ હતા. પણ બધાય રંગાયેલા અને હાથમાં કલરના ડબલા, પીકચારીઓ વગેરે હતું. કાળામેશ મોઢાં, વાંદરના કાળા મોઢામાં બે આંકો જ તગતગે એવી બધાની આંખો તગતગતી હતી. માથામાં વાળ, હાથપગ કપડાં બધું જ રંગાયેલું. બધા જ પાછા ‘તેવતેવડા (સરખી ઉંમર અને કદમાં)’ હતા. બધાના હાથમાં રંગ તો હતો જ અને હુંય આમ પાછો મોઢાનો મોળો એટલે આટલા બધા વચ્ચે, બૂમ પાડ્યા વગર અને થોડી રંગાવાની બીકે પાછો ફર્યો. એટલે ઘરવાળા બધું ગજર્યા...

“મેં નોતું કીધું ધાયેલા મૂળા જેવા જ પાછા આવશો. તમે મામણમુંડા જ રહ્યા...! આટલું અમથુ છોકરૂંય ગોતી નથી શકતા?”

“પણ ત્યારે તું જ જા ગોતી આવને?” છેવટે મેં કહ્યું.

“જો હું આ ઉપડી! હમણાં બાવડું ઝાલીને નો લાવું તો મને ફટ કેજો! ઘણીયાણી ગર્જી.”

“રે’વા દેને ફીશીયારી મારવી.”

અને ખરેખર થોડીવારમાં તો મારા આશ્ચર્ય વચ્ચે છોકરાને બાવડેથી ઝાલીને આવતાં જોઇ...!

છોકરો હિબકાં ફરતો રો તો’તો. રસ્સામાં થોડી વળગાડી હશે એવું લાગ્યું. “ચૂપ એક વધુ અડબોથ દઇશ ને તો ખબર પાડી દઇશ. ઘરે આવવાનું તો બિચારાને ભાન જ પડતું નથી. ઘરમાં ગુડાતા ઘા વાગે છે!”

ઘરમાં લાવી બુશકોટ - ચડ્ડી - બનિયન તતડાવીને કાઢી નાખ્યા, શરીર આખુ ‘ઇસ્ટમેન’ કલરમાં હતું. રંગીન ફિલ્મનો શોધક ખુદ ‘ઇસ્ટમેન’ જુએ તો તેય એમ જ કહે, “મેંય આવી ફિલ્મની શોધ તો નથી કરી કે નથી આટલી બધી રંગીન ફિલ્મ બનાવી! શરીર આખું પીળું, લાલ લીલું તો હતું અને એમાં કાળા રેલા તો ખરાં જ. બંને હાથો ઉપર ગળી કલર, મોઢું ‘કીલ’ થી કાળું મેસ, પગે જાંબલી - ઓઇલ કલર હતા.”

ત્યાં ઘણીયાણી ફરી ગર્જી, “આવો તે મારા છોકરાને રંગાતો હશે, ના... ના... એમના બાપાઓ અહિં નવરાવવા આવવાના હતા તે આટલો બધો રંગી નાખ્યો.”

પગે કેરોસીન સૌ પહેલા ઘસ્યુ, પછી ઠીકરૂ ઘસી સાબુ ચોળ્યો ત્યારે માંડ માંડ પગે રંગ આછો થયો. પછી પેટે અને બરડામાં સાબુ ચોળ્યો પણ ફેર પડ્યો નહીં. એટલે પછી ચણાનો લોટ, દહી વગેરે વારાફરતી લગાડી જોયું.

છોકરાના હિબકાં અને ઘરવાળાના ડાયલોગ સતત ચાલુ જ હતા. એમ લાગતુંતુ કે ‘હોળીકા પ્રહલાદને નવરાવી રહી છે.’

અંતે છેલ્લે મોઢું ઘસી ઘસીને ઉજળું કર્યું ત્યારે ઘરવાળાથી રાડ પડાઇ ગઇ “અ ર ર... ર મારો ભનકો કયાં? આ તો પેલા જશુભાઇનો પવલો છે. હુંય છું ને સાવ! હવે પવલાં... એમ કર તું ભનકાના કપડાં પહેરીને ઘેર જાં.” શ્રીમતીજીના મતનો ‘ભનકો (પવલો)’ ગયા પછી તેઓ ફરી ગોતવા નીકળ્યા. ત્યાં સામેથી ભનકાને આવતો જોયો અને ફરી પાછી સરસ્વતી શરૂ. “તને એમ નથી થતું કે આ ત્રણ વાગ્યા હવે તો ઘરે ટળું!”

“હું આવતો જ હતો ત્યાં પવલાના મમ્મી મને વાવડું ઝાલીને ખીજાતા ખીજાતા ઘેર લઇ ગયા અને મારૂં તો સાંભળે જ કોણ?”

“હ...મ એમણેય તને ‘પવલો’ જાણીને ઝૂડી નાખી નવરાવ્યો લાગે છે!” પછી શ્રીમતી સામુ જોઇ હળવાશથી બોલ્યા, ‘કાં... હવે કહું ને તને ફટ!’

# પરભાષાના પાયા પર ઊંચી અને મજબૂત ઈમારત ચણી શકાતી નથી એ સત્ય હવે સમાજને ધીમે ધીમે સમજાઈ રહ્યું છે

## માતૃભાષાના ગૌરવમાં જ જીવનનું સાર્થક્ય

*- હર્ષદ પ્ર. શાહ*

દરેક યુગનું એ સત્ય છે કે ‘સત્ય’ને પોતાની પ્રતિષ્ઠા માટે ઝઝૂમવું પડે છે. સત્યની પ્રતિષ્ઠા માટે ઝઝૂમનારા થાકી-હારી જાય અને શ્રદ્ધા ગુમાવી બેસે એવી સ્થિતિ ઇતિહાસે અનેકવાર દેખાડી છે. સત્ય અને અસત્ય હજારો આવરણ ચડાવે અને ઝાંખપ પહોંચાડવાનો પ્રયત્ન કરે તો પણ સત્ય એ સત્ય જ રહે છે. એની આંતરિક ચમક ઓછી થતી નથી. સત્યનો પ્રકાશ દિવ્ય હોય છે. માટે સત્યના આરાધકોએ નિરાસ થયા વિના સત્યના પ્રયોગો ચાલુ રાખવા જોઇએ. સત્યને પછાડવા માટે અનિષ્ઠ શક્તિઓ પુરી તાકાતથી મચી પડે છે... પણ દૈવી શક્તિ અને માનવનો પુરૂષાર્થ એની વહારે આવે છે. માટે અંતિમ વિજય તો સત્યનો જ હોય છે. આ વિચાર જ આપણને કેટલું બળ પુરૂં પાડે છે!

માતૃભાષા પણ આવું જ સત્ય છે. એ સત્યને પછાડવા આજે અનેક પરિબળો કામ કરી રહ્યા છે પણ આજે એવું લાગે છે કે સમાજનું સત્ત્વ અને સિંહત્વ ફરી જાગૃત થઇ રહ્યું છે. માતાના માતૃત્વમાં અને એના વાત્સલ્યમાં જે શક્તિ છે, એવી જ માતૃભાષામાં પણ છે. એ હવે આળશ મરડીને બેઠી થઇ રહી છે. આ મુદ્દે સમાજ જાગી રહ્યો છે. પરભાષાના પાયા પર ઊંચી અને મજબૂત ઇમારત ચણી શકાતી નથી એ સત્ય હવે સમાજને ધીમે ધીમે સમજાઇ રહ્યું છે. આંખ વેચીને ચશ્મા ખરીદવા ન જવાય એ વાત પણ હવે ઘણાને સમજાઇ રહી છે.

સંપૂર્ણ વિશ્વ એ સ્વીકારે છે કે બાળકોમાં ગુણ અને ક્ષમતાઓનો વધુમાં વધુ વિકાસ માતૃભાષામાં શિક્ષણ આપવાથી જ શક્ય બને છે. યુનેસ્કોએ પણ આ તથ્ય પર સિક્કો લગાવતાં દર વર્ષે ૨૧મી ફેબ્રુઆરીને ‘માતૃભાષા શિક્ષણ દિવસ’ તરીકે ઉજવવાનો આગ્રહ કર્યો છે. માતા, માતૃભાષા અને માતૃભાષા - એ ત્રણે કોઇ પણ મનુષ્યના ભાવવિશ્વનો ત્રિવેદી સંગમ છે. એ ત્રણનું ગૌરવ ન કરી શકીએ નગુણો છે.

**● માતૃભાષા અને મૂલ્યો :**

મૂલ્યો એટલે એવા ગુણ કે જે અપેક્ષિત છે, ઇચ્છિત છે અને ઉત્તમ છે. મૂલ્યોના વિકાસની પાછળ માનવ કલ્યાણ અને નિ:સ્વાર્થ ભાવથી થતાં સત્કર્મોની માનસિકતા છે. મૂલ્યોના ચાર આધારસ્તંભ છે - ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ. વ્યક્તિથી શરૂ થતી મૂલ્ય-રેખા પરિવાર, સમાજ, રાષ્ટ્ર અને વિશ્વ સુધી વિસ્તરે છે. દા.ત. ધર્મની છત્રછાયામાં દયા, પરોપકાર, અહિંસા, ક્ષમા, નીતિ, ન્યાય, સદાચાર, શીલાનતા વગેરેનો સમાવેશ થાય છે. અર્થ દ્વારા વ્યક્તિની ભૌતિક આવશ્કતાઓની પૂર્તિ કામ થાય છે. જે વ્યક્તિગત મૂલ્ય છે. જયારે મોક્ષ એક આધ્યાત્મિક મૂલ્ય છે જે સર્વ મૂલ્યોમાં સર્વોપરિ છે. સમગ્ર વિશ્વમાં મનુષ્ય ભગવાનની શ્રેષ્ઠ કૃતિ છે. તેથી તે આવશ્યક છે કે મનુષ્ય સંસ્કાર અને શ્રેષ્ઠ મૂલ્યોથી સુશોભિત હોય. મનુષ્યો સાથે અતૂટ સંબંધ છે. આચાર્ય ચાણક્યે જીવન માટે છ મૂલ્યોને પ્રમુખ ગણ્યાં છે. ચાણક્ય નીતિમાં કહેવામાં આવ્યું છે -

સત્યં માતા, પિતા જ્ઞાનં, ધર્મો ભ્રાતા, દયા સ્વસા ।
શાંતિઃ પત્નિ, ક્ષમા પુત્રઃ, ષડેતે મમ બાંધવા ॥

સત્ય મારી માતા છે, જ્ઞાન મારા પિતા છે, ધર્મ મારો ભાઇ છે, દયા મારી બહેન છે, ક્ષમા મારો પુત્ર છે, શાંતિ મારી પત્ની છે... આ છ એ મારા પરિવારજનો છે.

આ મુખ્ય મૂલ્યો ઉપરાંત અનુશાસન, અભિવાદન, અસ્તેય, અહિંસા, આજ્ઞાપાલન, આત્મસંયમ, આધ્યાત્મિકતા, આસ્થા, પ્રામાણિકતા, દાયિત્વબોધ, ઉદારતા, ઉદ્યમશીલતા, ઉપકારવૃત્તિ, ઓજસ્વિતા, કરૂણા, કર્મણ્યતા, કૃતજ્ઞતા, જિજ્ઞાસા, ત્યાગ, દાનવૃત્તિ, દેશભક્તિ, ધર્મનિષ્ઠા, દૂરદર્શિતા, ધૈર્ય, ધ્યેયનિષ્ઠા, વિનમ્રતા, નીડરતા, નિયમિતતા, નિષ્ઠા, નિ:સ્વાર્થ ભાવના, પંથનિરપેક્ષતા, પરોપકાર, પારિવારીકતા, પ્રેમ, બંધુત્વ, બલિદાન, રાષ્ટ્રભક્તિ, મમતા, માતૃભક્તિ, પિતૃભક્તિ, મિત્રતા, મિલનસાર વૃત્તિ, વાત્સલ્ય, વિનયશીલતા, વૈરાગ્ય, શક્તિ, શિષ્ટાચાર, શુચિતા, શ્રદ્ધા, શ્રમઝીલતા, સંતોષ, સંયમ, સંવેદનશીલતા, સદાચાર, સમગ્રતા, સમયપાલન, સર્વધર્મ સમભાવ, સહકારિતા, સહિષ્ણુતા, સૃજનશીલતા, સેવાવૃત્તિ, સ્વદેશી ભાવના, સ્વાભિમાન તથા સ્વાવલંબન મહત્ત્વનાં માનવ મૂલ્યો છે.

આ બધાં વ્યક્તિને પરિવાર, સમાજ, વિદ્યાલય અને કાર્યસ્થળ પરથી પ્રાપ્ત થાય છે, જે માતૃભાષામાં શિક્ષણ ન અપાય તો સંભવ જ નથી. અસંખ્ય અધ્યયનો દર્શાવે છે કે જે વિદ્યાર્થીનું શિક્ષણ માતૃભાષામાં થયું હોય છે તે વિદેશી ભાષામાં ભણેલા વિદ્યાર્થીઓ કરતાં વધુ સંસ્કારી અને ચારિત્ર્યવાન હોય છે. માતૃભાષાને કારણે જ વ્યક્તિનો સમજણ અને સંવેદનાનો આંક ઊંચો જાય છે. શિક્ષણનો ઉદ્દેશ્ય મનુષ્યને મનુષ્ય બનાવવાનો છે; એની પશુતા દૂર કરી માનવતાનો આવિષ્કાર કરી છેવટે દેવત્વ તરફ લઇ જવાનો છે. આ પ્રક્રિયા કેવળ માતૃભાષા જ કરી શકે કારણ કે મનુષ્યના ભાવવિશ્વને ઝંકૃત અને સંવેદનશીલ બનાવવાની એનામાં ક્ષમતા છે. પરભાષાની આ તાકાત નથી!

● માતૃભાષા અને સંવેદનશીલતા :

શિક્ષણ દ્વારા મનુષ્યમાં ભાનવા અને સંવેદના જગાડવી અત્યંત આવશ્યક છે. એવું ન થાય તો સૈદ્ધાંતિક જ્ઞાનનાં પરિણામો વિપરીત આવે. કોઇ અભણ માનવી પણ જો ભાવના-સંવેદનાથી ઓતપ્રોત હોય તો તે શિક્ષિત કરતાં ચડિયાતો હોઇ શકે. આપણે ત્યાં એવા સંતોના ઉદાહરણો છે કે જેમનું શિક્ષણ બહુ ન હતું પણ ભાવના-સંવેદના-કરૂણાનો ભંડાર હતા. તેમને સમાજને જે આપ્યું છે તે અવિસ્મરણીય છે. ભાવના અને સંવેદના જગાડે એવું શિક્ષણ જો આપવું હોય તો તે માતૃભાષામાં જ આપવું જોઇએ. એટલા જ માટે માતૃભાષામાં ભણેલો માનવી પરભાષામાં ભણેલા માનવી કરતાં વધુ ભાવનાશીલ અને સંવેદનશીલ હોય છે. આત્મવિશ્વાસ, આત્મસન્માન અને સ્વની ઓળખ માતૃભાષામાં શિક્ષણ આપવાથી જ વિકસિત થાય છે.

(ક્રમશઃ)